Title Code: GUJGUJ17588
ગુજરાતી સાપ્તાહિક

RNI: GUJGUJ/2021/80566
GUJARATI WEEKLY

# સત્ય મંથન

સત્ય·સ્વતંત્ર·સાર્થક

વર્ષ : 5 | અંક : 21 | ગુરુવાર, 27 નવેમ્બર 2025 | પ્રકાશક મુદ્રક અને માલિક : બસિયા તુષાર ગોવિંદભાઇ | મુદ્રણ સ્થળ : ભાવરાજ ઓફસેટ, 30 વિજય પ્લોટ, પશુદવાખાના પાછળ રાજકોટ - 360002.
પ્રકાશન સ્થળ : મોમાઇ કૃપા, બાબરીયા કોલોની શેરી નં. 2, પીપળીયા હોલ મેઇન રોડ પાસે, રાજકોટ - 360002. | તંત્રી : બસિયા તુષાર ગોવિંદભાઇ | કિંમત : 3 રૂપિયા



# હોંગકોંગમાં મોટી દુર્ઘટના: સાત હાઈરાઈઝ બિલ્ડિંગમાં ભીષણ આગ, 36 લોકોના મોત

હોંગકોંગના એક હાઉસિંગ કોમ્પ્લેક્સમાં એક બહુમાળી એપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં આગ લાગી હતી, જેમાં 36 લોકો માર્યા ગયા છે અને કેટલાક લોકો હજુ પણ ફસાયેલા હોવાનું શહેરની ફાયર સર્વિસે બુધવારે જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે નવ લોકોને ઘટનાસ્થળે જ મૃત જાહેર કરવામાં આવ્યા હતા અને ચાર અન્ય લોકોને પછીથી હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ઓછામાં ઓછા 15 અન્ય ઘાયલ થયા હતા. લગભગ 700 લોકોને કામચલાઉ આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા હતા. રેકોર્ડ દર્શાવે છે કે આ હાઉસિંગ કોમ્પ્લેક્સમાં આઠ બ્લોક હતા જેમાં આશરે 2,000 એપાર્ટમેન્ટ હતા જેમાં આશરે 4,800 લોકો રહેતા હતા. આગની જ્વાળાઓ અને ધુમાડો ઝડપથી વાંસના માચડા અને હાઉસિંગ કોમ્પ્લેક્સની બહાર બાંધવામાં આવેલી કન્સ્ટ્રક્શન નેટમાં ફેલાઈ ગઈ હતી.

ઘટનાસ્થળના વિડિયોમાં ઘણી ઇમારતો એકબીજાની નજીક સળગતી દેખાઈ રહી છે. રાત પડતાં જ અનેક એપાર્ટમેન્ટની બારીઓમાંથી આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટા નીકળતા દેખાઈ રહ્યા છે. ફાયરબ્રિગેડના કર્મચારી આગ પર કાબૂ લેવાના ભારે પ્રયાસ કરી રહ્યાં છે. ફાયર સર્વિસ વિભાગે જણાવ્યું હતું કે આગ બપોરે લાગી હતી અને અધિકારીઓએ તેને અંધારા પછી લેવલ 5 એલાર્મ સુધી વધારી દીધી હતી જે સૌથી વધુ ગંભીરતાનું લેવલ છે. મોડી રાત સુધી જ્વાળાઓ ભડકતી રહી. 128 ફાયર ટ્રક અને 57 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. વિભાગના ડિરેક્ટર એન્ડી યાંગે પત્રકારોને જણાવ્યું હતું કે મૃતકોમાં એક ફાયર ફાઇટરનો સમાવેશ થાય છે અને બીજાને ગરમીના થાક માટે સારવાર આપવામાં આવી રહી છે.



**લગભગ 700 લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી પરંતુ તપાસ ચાલુ છે.**




# બીમાર પુત્રને સાજો કરવા માતાજીના માંડવામાં 6 બકરાની બલી ચડાવી, જીવદયાની ટીમ ત્રાટકતાં જ ભૂવા સહિત આયોજકો ઉભી પૂંછડીએ ભાગ્યા

રાજકોટમાં અંધશ્રદ્ધાનો એક કાળજુ કંપાપી દેવો એક બનાવ સામે આવ્યો છે. જેમાં બીમાર પુત્રની સારવાર માટે પરિવારે 15 પશુઓની બલી ચડાવવાની માનતા રાખી હતી. જે પૈકી છ પશુની બલી ચડાવી દેવામાં આવી હતી. જો કે આ મામલે જીવ રક્ષા સમિતિને જાણ થતાં વહેલી સવારે દરોડો પાડવામાં આવ્યો હતો અને 9 જેટલા માસૂમ પશુઓને બચાવી લેવામાં આવ્યા હતાં.

જો કે જીવ રક્ષકની ટીમ ત્યાં પહોંચી તે પૂર્વે છ પશુની બલી ચડાવી દેવામાં આવી હતી. જીવરક્ષક સમિતિ અને પોલીસની ટીમ ત્યાં પહોંચી ત્યારે માંડવાનું આયોજન કરનાર અને ત્યાં હાજર બે ભુવા સહિત આઠ લોકો ફરાર થઈ ગયા હતાં. રાજકોટનાં ગ્રીનલેન્ડ ચોકડી નજીક ચૌહાણ પરિવાર દ્વારા વિહત માતાજીના માંડવાનું આયોજન કર્યુ હતું. ચૌહાણ પરિવારનો પુત્ર બીમાર હોય જે સાજો થઈ જાય તે માટે 15 બોકડાની બલી ચડાવવાની માનતા રાખવામાં આવી હતી.

મોડીરાતથી ચાલુ

બલી ચડાવી દેવામાં આવી હતી. આ મામલે જીવ રક્ષા ફાઉન્ડેશન ટ્રસ્ટને જાણ થતાં તેમની ટીમ પોલીસને સાથે રાખી ગ્રીનલેન્ડ ચોકડી પાસે જ્યાં વિહત માતાજીનો માંડવો ચાલુ હતો, ત્યાં પહોંચી હતી. પોલીસ અને જીવ રક્ષાની ટીમ આવતાની સાથે જ ત્યાં માંડવામાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

સ્થળ ઉપરથી 9 જેટલા બોકડાને બચાવી લેવામાં આવ્યા હતાં. આ ટીમે દરોડો પાડયો ત્યારે 6 પશુની બલી ચડાવી દેવામાં આવી હતી અને આ 6 પશુઓના કપાયેલા અવશેષો સ્થળ ઉપરથી મળી આવ્યા હતાં. આ મામલે થોરાડા પોલીસમાં જીવરક્ષાની ટીમે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ શરૂ કરી છે. સમાજમાં ફેલાયેલી અંધશ્રદ્ધા અને પશુ ઉપર ક્રુરતાના આ ઘેરા મૂળીયા દર્શાવે છે. પોલીસે આ કેસમાં કડક કાર્યવાહી કરી અને દાખલારૂપ કાર્યવાહી કરવા જેથી ભવિષ્યમાં આવા અમાન્વીય કૃત્યનું પુનરાવર્તન ન થાય તેવી જીવદયા પ્રેમીઓમાં માંગ ઉઠી છે.




માટે નિર્દોષ જીવની બલી ચડાવવાની માનતા રાખનાર ચૌહાણ પરિવાર વિરુદ્ધ પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. ગઈકાલે રાતથી શરૂ થયેલા વિહત માતાજીના માંડવામાં એક પછી એક છ બોકડાને બલી ચડાવી કાપી નાખવામાં આવ્યા હતાં. આ મામલે જ્યારે જીવરક્ષા સમિતિને જાણ થઈ ત્યારે ટીમના પાંચ થી છ સભ્યો ત્યાં દોડી ગયા હતાં. જો જીવરક્ષાની ટીમ 10 મિનિટ મોડી પહોંચી હોત તો આ તમામ 15 પશુઓની બલી ચડી ચૂકી હોત. વર્તમાન યુગમાં અંધશ્રધ્ધાનો કેટલો ફેલાવો છે તે આ ઘટના ઉપરથી સ્પષ્ટ થાય છે. માનવતાને શરમાવે



પ્રકાશક મુદ્રક અને માલિક : બસિયા તુષાર ગોવિંદભાઇ | મુદ્રણ સ્થળ : ભાવરાજ ઓફસેટ, 30 વિજય પ્લોટ, પશુદવાખાના પાછળ રાજકોટ - 360002.
પ્રકાશન સ્થળ : મોમાઈ કૃપા, બાબરીયા કોલોની શેરી નં. 2, પીપળીયા હોલ મેઈન રોડ પાસે, રાજકોટ - 360002. | તંત્રી : બસિયા તુષાર ગોવિંદભાઇ

# રાજકોટમાં 8 થી 11 જાન્યુઆરીએ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન કચ્છ અને સૌરાષ્ટ્રનું આયોજન

## સિરામિક્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ, મત્સ્ય ઉદ્યોગ, પેટ્રોકેમિકલ્સ, કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ, ખનિજો સહિતના મુખ્ય વિકાસ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

ગુજરાત સરકારે કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તાર માટે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)ની બીજી આવૃત્તિની જાહેરાત કરી છે, જે 8 થી 9 જાન્યુઆરી, 2026 દરમિયાન રાજકોટમાં યોજાશે. આ કોન્ફરન્સની સાથે જ 8 થી 11 જાન્યુઆરી, 2026 દરમિયાન તે જ સ્થળે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન (VGRE) પણ યોજાશે, જે સમગ્ર કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના ઉદ્યોગો, MSMEs, સરકારી સંસ્થાઓ અને ઉદ્યોગસાહસિકો માટે એક ઉચ્ચ પ્લેટફોર્મ પ્રદાન કરશે.

બીજી વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સિરામિક્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ, મત્સ્ય ઉદ્યોગ, પેટ્રોકેમિકલ્સ, કૃષિ અને ફુડ પ્રોસેસિંગ, ખનિજો સહિતના મુખ્ય વિકાસ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે. વ્યૂહાત્મક ભાગીદારી, પોલિસી સપોર્ટ અને રોકાણકારોના સહયોગ દ્વારા, આ કાર્યક્રમનો ઉદ્દેશ ગુજરાતના પશ્ચિમ પટ્ટામાં સમાવિષ્ટ વિકાસ અને ટકાઉપણું સુનિશ્ચિત કરવાની સાથે ઔદ્યોગિક વિકાસને વેગ આપવાનો છે.

ઉલ્લેખનીય છે કે, ઉત્તર ગુજરાતમાં આયોજિત પ્રથમ કોન્ફરન્સને અસાધારણ સફળતા મળી હતી, જેમાં 18,000 ચોરસ મીટરથી વધુનો વિસ્તાર આવરી લેવામાં આવ્યો હતો, છ થીમેટિક પેવેલિયન બનાવવામાં આવ્યા હતા, 170થી વધુ

Vibrant
GUJARAT
REGIONAL
CONFERENCE
Regional Aspirations, Global Ambitions

Vibrant Gujarat Regional Exhibitions

MSMEs સહિત 410થી વધુ એક્ઝિબિટર્સે હિસ્સો લીધો હતો અને આ કોન્ફરન્સમાં 80,000થી વધુ મુલાકાતીઓ આવ્યા હતા. આગામી સમયમાં યોજાનારી VGRCનો ઉદ્દેશ વધુ મોટો અને વધુ પ્રભાવશાળી કાર્યક્રમ આયોજિત કરવાનો છે. કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં યોજાનારી કોન્ફરન્સમાં 6 અત્યાધુનિક ડોમ સાથે 20,000 ચોરસ મીટરથી વધુના વિસ્તારને આવરી લેવામાં આવશે, જેમાં ક્ષેત્રીય પ્રદર્શન, નવીનીકરણ પ્લેટફોર્મ અને બિઝનેસ નેટવર્કિંગ તકોનો સમાવેશ થશે.

આ એક્ઝિબિશનમાં એગ્રો, ફુડ પ્રોસેસિંગ અને ફિશરીઝ; રિન્યુએબલ એનર્જી; એન્જિનિયરિંગ; બંદરો અને લોજિસ્ટિક્સ; હાથશાળ અને હસ્તકલા; રસાયણો અને પેટ્રોકેમિકલ્સ; બેંકો અને નાણાકીય સંસ્થાઓ; અને શિક્ષણ સંસ્થાઓ સહિત ઉચ્ચ વિકાસ ક્ષેત્રોની અગ્રણી કંપનીઓ અને સંસ્થાઓ ભાગ લેશે.

આ ઉપરાંત, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, કૃષિ વિભાગ, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગુજરાત ખનિજ વિકાસ નિગમ, વન વિભાગ, ગુજરાત મેરીટાઇમ બોર્ડ, શિક્ષણ વિભાગ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પ્રવાસન વિભાગ અને સ્ટાર્ટઅપ ઇન્ક્યુબેટર્સ જેવા અનેક મુખ્ય સરકારી વિભાગો અને એજન્સીઓ પણ આ એક્ઝિબિશનમાં ભાગ લેશે. ક્રાફ્ટ વિલેજ અને બહોળી સંખ્યામાં MSMEs ની ભાગીદારીથી આ વિસ્તારની સમૃદ્ધ કૌશલ્ય પરંપરા અને ઉદ્યોગસાહસિકતા ઉજાગર થશે. VGRE 2026 નું મુખ્ય આકર્ષણ વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ, રિવર્સ બાયર-સેલર મીટ અને ઉદ્યમી મેળો હશે, જેનો ઉદ્દેશ્ય માર્કેટમાં નવી તકો ઊભી કરવાનો અને સ્થાનિક MSMEs, કારીગરો તેમજ હાથશાળ અને હસ્તકલા વ્યવસાયોને વૈશ્વિક ખરીદદારો સાથે જોડવામાં મદદ કરવાનો છે. મુલાકાતીઓના અનુભવને સમૃદ્ધ બનાવવા અને ભાગીદારી વધારવા માટે દૈનિક લકી ડ્રૉ પણ યોજવામાં આવશે.

# ધોરણ-12ના વિદ્યાર્થીનું હાર્ટ એટેકથી મોત, સ્કૂલના મેદાનમાં વૉલિબોલ રમતી વખતે મિત્રોની નજર સામે જ અચાનક ઢળી પડ્યો

શિયાળાની ઠંડીએ જોર પકડતા જ હાર્ટ એટેકના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. એવામાં રાજકોટમાં સ્કૂલના મેદાનમાં મિત્રો સાથે વૉલીબોલ રમી રહેલા યુવકનું અચાનક હ્રદય થંભી જવાથી મોત થયું હોવાનો બનાવ સામે આવ્યો છે. આ બનાવના પગલે યુવાનના પરિવારમાં અને મિત્રવર્તુળમાં શોકનું મોજું ફરી વળ્યું છે.



આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, ધોરણ 12માં અભ્યાસ કરતો આદિત્ય અલ્કેશ વાછાણી (ઉં.વ. 18, રહે.ક્રિસ્ટલ મોલ પાછળ)ને સ્પોર્ટ્સમાં ખાસ રૂચિ હતી. ગઈકાલે સાંજના સમયે આદિત્ય તેના સહપાછી મિત્રો સાથે રૈયા ચોકડી નજીક આવેલી SNK સ્કુલના મેદાનમાં વોલીબોલ રમી રહ્યો હતો. આ દરમિયાન અચાનક આદિત્યન મેદાન પર જ બેભાન થઈને ઢળી પડ્યો હતો. આથી સાથી મિત્રો તાત્કાલિક આદિત્યને નજીકમાં આવેલી શાંતિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તપાસીને આદિત્યને મૃત જાહેર કર્યો હતો. બીજી તરફ આ બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ પણ હોસ્પિટલ દોડી આવી હતી. જેમણે આદિત્યના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો છે.

પ્રાથમિક તપાસમાં મૃતક આદિત્ય માતા-પિતાનો એક માત્ર દીકરો હતો. જેના પિતા અલ્કેશભાઈ મેટોડા ખાતે ફેક્ટરી ધરાવે છે. એકના એક પુત્રનું હાર્ટ એટેકથી અકાળે નિધન થતાં વાછાળી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.



**આદિત્ય બેભાન થઈ મેદાનમાં ઢળી પડતા સાથી મિત્રો તાત્કાલિક નજીકમાં આવેલી શાંતિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યો.**



# 95 વર્ષ બાદ દાંડી માર્ગ પરનો ઈતિહાસ જીવંત બનશે:

# 1930માં ગાંધીજીએ જે પથ ઉપર દાંડીકૂચ કરી'તી ત્યાંથી સરદાર પટેલ એકતા યાત્રા પસાર થશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાનિર્દેશ અનુસાર તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા રાષ્ટ્રીય અગ્રણીઓ, મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની 150 મી જન્મ જયંતીના અવસરે રાષ્ટ્રીય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. 1930માં મહાત્મા ગાંધીના નેતૃત્વમાં યોજાયેલ દાંડીયાત્રાના 6 કિ.મી. માર્ગ પર સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પદયાત્રા પસાર થશે. 26મી નવેમ્બરના રોજ બંધારણ દિને આણંદના કરમસદ ખાતેથી પ્રારંભ થનાર આ રાષ્ટ્રીય એકતા પદયાત્રા કરમસદ થી કેવડીયા મુકામે અંદાજિત 150 કિલોમીટરનું અંતર કાપીને સરદાર પટેલના એકતા અને અખંડિતતાના સંદેશને જનજન સુધી પહોંચાડશે.

આ રાષ્ટ્રીય એકતા પદયાત્રાના માધ્યમથી દેશની એકતા અને અખંડિતતા માટે સરદાર પટેલે આપેલ યોગદાનની સાથે દેશી રજવાડાઓના વિલિનીકરણ કરીને અખંડ ભારતના નિર્માણના કાર્યને નવી પેઢી સુધી પહોંચાડવા માટેનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે.

1930માં મહાત્મા ગાંધીજીએ જે પથ ઉપર દાંડીકૂચ કરી હતી, તે માર્ગ ઉપરના 6 કિ.મી. ના માર્ગ ઉપરથી જોગાનુંજોગ આ રાષ્ટ્રીય પદયાત્રા પસાર થનાર છે. આજથી 95 વર્ષ પહેલા એટલે કે 1930ના સમયમાં તે સમયના બૃહદ ખેડા પ્રાંતથી દાંડીયાત્રા પસાર થઈ હતી. તે સમયે આ દાંડીકૂચ હાલના આણંદના બોરિયાવી, નાપા, રાસ, કંકાપુરા વગેરે વિસ્તારોમાંથી પસાર થઈ હતી.

સરદાર પટેલની જન્મ જયંતિના અવસરે યોજાયેલ આ યુનિટી માર્ચ આણંદના ટાઉનહોલથી દાંડીમાર્ગ પરથી પસાર થઈને લોટીયા ભાગોળ, જીટોડીયા માર્ગ પરથી પસાર થઈને અંધારીયા ચોકડી સુધીના 6 કિલોમીટર જેટલા દાંડી માર્ગ પર પસાર થશે તે સમયે 1930 ના સમયના સમયની દાંડી કૂચના ભવ્ય ઇતિહાસને લોકો જીવંત થતો નિહાળશે.





**આણંદના ટાઉનહોલથી અંધારિયા ચોકડી સુધીના અંદાજિત 6 કિમી સુધીના દાંડી માર્ગ પર રાષ્ટ્રીય એકતા પદયાત્રા પસાર થશે**

# ડ્રગ્સ ડીલરો પર સકંજો: 'મેન્ટર પ્રોજેક્ટ' હેઠળ રાજકોટ SOG રાજ્યમાં અવ્વલ

**રાજકોટ SOGની ટીમે છેલ્લા 11 મહિનાના સઘન સર્વેલન્સના આધારે 7 ડ્રગ્સ પેડલર અને સપ્લાયરોને ઝડપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.**

ગુજરાત પોલીસ દ્વારા રાજ્યમાં ગુનાખોરી પર અસરકારક નિયંત્રણ મેળવવા માટે શરૂ કરાયેલા મહત્ત્વકાંક્ષી 'મેન્ટર પ્રોજેક્ટ' હેઠળ, માદક પદાર્થોની હેરાફેરી કરનારા ગુનેગારો સામે કાર્યવાહી કરવામાં રાજકોટ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ને સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન મળ્યું છે. રાજકોટ SOGની ટીમે છેલ્લા 11 મહિનાના સઘન સર્વેલન્સના આધારે 7 ડ્રગ્સ પેડલર અને સપ્લાયરોને ઝડપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.'મેન્ટર પ્રોજેક્ટ'ની ફિલસૂફી રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા અમલમાં મુકાયેલો આ પ્રોજેક્ટ, ગુનાખોરી નિયંત્રણ માટે એક અનોખી પહેલ છે.

આરોપીઓને ગુનાખોરીનો માર્ગ છોડીને સામાન્ય જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.આ પ્રોજેક્ટમાં એક આરોપી માટે એક મેન્ટરની પદ્ધતિ અપનાવવામાં આવે છે. મેન્ટર તરીકે નિમાયેલા પોલીસ કર્મચારીઓ આરોપીઓ પર સતત નજર રાખે છે, તેમની સાથે સંપર્કમાં રહે છે, માર્ગદર્શન આપે છે અને ફરીથી ગુનો કરતા અટકાવે છે. મેન્ટર પોલીસ અધિકારી ગુનેગારની દરેક હિલચાલ, તેના નિકટના વર્તુળો સાથેના સંપર્કો પર નજર રાખીને દર સપ્તાહે ઉપરી અધિકારીઓને રિપોર્ટ આપે છે.

રાજકોટ SOGના પી.આઈ. એસ.એમ. જાડેજાની આગેવાની હેઠળની ટીમે મેન્ટર પ્રોજેક્ટનો ઉપયોગ ડ્રગ્સ પેડલરોને નિયંત્રિત કરવા માટે કર્યો. ટીમે ખાસ કરીને અગાઉ એક કે બે કેસમાં પકડાયેલા અને વોચમાં રહેલા રીઢા ડ્રગ્સ પેડલરોને નિશાન બનાવ્યા.

SOG દ્વારા આ ઝુંબેશ હેઠળ વિવિધ વિસ્તારોમાંથી માદક પદાર્થોના જથ્થા સાથે ઝડપી લેવાયેલા 7 શખ્સોમાં અફઝલ આલુસા ઉર્ફે કાલુસા ફકીર (રૂખડીયા પરા), હીતેષ ઉર્ફે બંટી સવજીભાઇ બાબરીયા (માંડા ડુંગર), દીલાવર ઉર્ફે દીલો સતારભાઇ લીંગડીયા (હરીહર ચોક), રાહીલ અમીન મીણાપરા (દિવપરા), ઇરફાન હનીફભાઇ ચાનીયા (રૈયા રોડ), આકાશ હરીભાઇ બાબરીયા (મનહરપરા) અને અલ્પેશ રમેશ તન્ના (સ્વસ્તીક વીલા)નો સમાવેશ થાય છે. આ તમામ સામે કાયદેસરની કાર્યવાહી કરીને તેમને જેલ હવાલે કરવામાં આવ્યા છે.

રાજકોટ SOGની આ અસરકારક કામગીરીની નોંધ રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે લીધી છે. આ સફળતા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઇમ બી.બી. બસીયાના માર્ગદર્શન હેઠળ મેળવવામાં આવી છે. આ સફળતા રાજ્યમાં ડ્રગ્સની બદી સામેની લડાઈને વધુ વેગ આપશે.




# પાકિસ્તાનમાં મોહબ્બતને ખતરો... સરહદ પાર કરીને પાકિસ્તાનથી ભારત આવ્યું પ્રેમી યુગલ, જાસૂસી તો નથી ને?





**મુશ્કેલીઓ હોવા છતાં તેઓએ હાર માનવાનો ઈનકાર કર્યો અને સાથે મળીને દરેક પડકારનો સામનો કર્યો. તેમની વાર્તા પ્રેમ અને હિંમતનું પ્રતીક છે.**


ગુજરાતના કચ્છ જિલ્લામાં ભારત-પાકિસ્તાન સરહદ નજીક એક પાકિસ્તાની છોકરો અને તેની પ્રેમિકાની ધરપકડ કરવામાં આવી છે. સુરક્ષા દળોએ તેમને સરહદ પર જોયા બાદ તેમની ધરપકડ કરી હતી. અહેવાલો અનુસાર બંને ઘરેથી ભાગી ગયા હતા અને અહીં પહોંચ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ના જવાનોએ સોમવારે આંતરરાષ્ટ્રીય સરહદ પાર કર્યા બાદ પોપટ (24) અને ગૌરી (20)ની ધરપકડ કરી હતી.

બાલાસર પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે પોપટ અને ગૌરી રવિવારે રાત્રે આંતરરાષ્ટ્રીય સરહદથી 8 કિમી દૂર પાકિસ્તાનમાં આવેલા તેમના ગામથી ભાગી ગયા હતા અને તેઓએ પગપાળા જ આ અંતર કાપ્યું હતું.

અધિકારીએ જણાવ્યું કે- પિલર નંબર 1016 નજીક પેટ્રોલિંગ કરી રહેલા બીએસએફ સૈનિકોએ બંનેની અટકાયત કરી હતી. પૂછપરછ દરમિયાન, દંપતીએ કહ્યું કે તેઓ ભાગી ગયા હતા કારણ કે તેમના પરિવારો તેમના લગ્નની વિરુદ્ધ હતા.

તેમણે કહ્યું કે સંબંધિત એજન્સીઓ વધુ તપાસ કરશે. પોલીસે હજુ સુધી FIR દાખલ કરી નથી. પોલીસના જણાવ્યા અનુસાર છેલ્લા બે મહિનામાં આ બીજી ઘટના છે. અગાઉ 8 ઓક્ટોબરના રોજ, સરહદ પર આવી જ રીતે બે લોકોની અટકાયત કરવામાં આવી હતી.

# સીને મંથન





**રિવા રાચ્છે સાબિત કરી દીધું છે કે તે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની એક એવી અભિનેત્રી છે જે અભિનયની સાથે સાથે ફેશન જગતમાં પણ પોતાની છાપ છોડવા સક્ષમ છે.**

# 'લાલો - શ્રી કૃષ્ણ સદા સહાયતે' ની અભિનેત્રી રિવા રાચ્છનો બોલ્ડ અને ગ્લેમરસ અવતાર, ફેન્સ થયા દિવાના



ગુજરાતી સિનેમામાં પોતાની આગવી ઓળખ ઊભી કરનાર અભિનેત્રી રિવા રાચ્છ હાલમાં ફરી એકવાર ચર્ચાનું કેન્દ્ર બની છે. ધાર્મિક અને દાર્શનિક ગુજરાતી ફિલ્મ 'લાલો – શ્રી કૃષ્ણ સદા સહાયતે'માં તેના શાનદાર અને સાદા અભિનય બાદ, રિવાએ સોશિયલ મીડિયા પર તેના લેટેસ્ટ ફોટોશૂટની તસવીરો શેર કરી છે, જેમાં તેનો અત્યંત ગ્લેમરસ અને બોલ્ડ લુક જોવા મળી રહ્યો છે. આ નવા ફોટોશૂટમાં રિવા રાચ્છનો લુક તેની ફિલ્મી ભૂમિકાથી તદ્દન વિપરીત છે. 'લાલો'માં તે એક સરળ અને પરંપરાગત યુવતીના પાત્રમાં જોવા મળી હતી, જે તેની સાદગીથી દર્શકોના દિલ જીતી ગઈ હતી. પરંતુ આ તસવીરોમાં તે ફેશન આઇકોન તરીકે ઉભરી આવી છે, તેને સાબિત કર્યું છે કે તે કોઈપણ લુકને આત્મવિશ્વાસ સાથે કેરી કરી શકે છે.

તસવીરોમાં રિવાએ ડાર્ક કલરનો, આધુનિક કટ ધરાવતો વન-પીસ ગાઉન પહેર્યો છે. આ ડ્રેસમાં ઝીણવટભર્યું સીક્વન્સ વર્ક અને બોડી-હગિંગ સિલુએટ તેના ફિગરને હાઇલાઇટ કરે છે. આકર્ષક પોઝ અને મિનિમલ મેકઅપ સાથેનો તેનો સીમરી લુક તેના ગ્લેમરને ચાર ચાંદ લગાવી રહ્યો છે. તેના ખુલ્લા વાળ અને સટલ એસેસરીઝ આખા લુકને એકદમ સ્ટાઇલિશ બનાવે છે.



અભિનેત્રીનો આ આત્મવિશ્વાસ પૂર્ણ અને સ્ટાઇલિશ અવતાર સોશિયલ મીડિયા પર જબરદસ્ત વાયરલ થઈ રહ્યો છે. ચાહકો તેની સુંદરતા અને ફેશન સેન્સના ભરપેટ વખાણ કરી રહ્યા છે. તેની તસવીરો પર હજારોની સંખ્યામાં લાઇક અને કોમેન્ટ આવી રહી છે, જેમાં ફેન્સ તેના ગ્લેમરસ દેખાવ અને પરિવર્તનની પ્રશંસા કરી રહ્યા છે.

રિવા રાચ્છે સાબિત કરી દીધું છે કે તે ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીની એક એવી અભિનેત્રી છે જે અભિનયની સાથે સાથે ફેશન જગતમાં પણ પોતાની છાપ છોડવા સક્ષમ છે. ચાહકો હવે તેના આગામી પ્રોજેક્ટ્સની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે અને આ તસવીરો તેમના માટે એક ટ્રીટ સમાન છે.

# સીને મંથન



# રેડ સાડી, ડીપનેક બ્લાઉઝમાં મોનાલિસાએ આપ્યા કાતિલ પોઝ



ભોજપુરી એક્ટ્રેસ મોનાલિસા દરરોજ સોશિયલ મીડિયા પર પોતાના ગ્લેમરસ ફોટા શેર કરે છે, જે અપલોડ થતાં જ ઝડપથી વાયરલ થઈ જાય છે. અભિનેત્રી દેશી અંદાજમાં જોવા મળી હતી. આ ફોટામાં મોનાલિસા રેડ સાડીમાં પોઝ આપતી જોવા મળી હતી. મોનાલિસાએ તેના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેના ફોટોશૂટના ઘણા સુંદર ફોટા શેર કર્યા છે, જેમાં તે રેડ સાડી અને ડીપનેક બ્લાઉઝમાં કાતિલ પોઝ આપીત જોવા મળી રહી છે.

મોનાલિસાની સાડી ખૂબ જ સુંદર છે, જેમાં તે કેમેરાની સામે કાતિલ પોઝ આપી રહી છે. અભિનેત્રીએ તેને મેચિંગ ડીપ-નેક બ્લાઉઝ સાથે પેર કરી છે.અભિનેત્રીએ ગ્લોસી મેકઅપ, મેચિંગ ઇયરિંગ્સ અને કપાળ પર એક નાની બિંદી સાથે પોતાનો લુક પૂર્ણ કર્યો. મોનાલિસાએ આ ફોટા શેર કરતા જ ફેન્સ તેના લૂકના વખાણ કરી રહ્યા છે.

મોનાલિસાનો દેશી અવતાર તેના ચાહકોમાં એટલો લોકપ્રિય છે કે તસવીરો પર ફેન્સ સતત કોમેન્ટ કરી તેના આ ગ્લેમરસ સાડી લૂકના વખાણ કરી રહ્યા છે.નોંધનીય છે કે મોનાલિસા ભોજપુરી સિનેમાની ટોચની અભિનેત્રીઓમાંની એક છે. જો કે, આ દિવસોમાં તે ટેલિવિઝન જગતમાં પોતાનું નામ બનાવી રહી છે.

આ અભિનેત્રી સોશિયલ મીડિયા પર પણ ખૂબ સક્રિય છે, જ્યાં તે દરરોજ તેના ચાહકો સાથે ફોટા અને વીડિયો શેર કરે છે.

# 6 દાયકાનો શાનદાર સ્ટારડમ..300થી વધારે ફિલ્મો

**પંજાબના એક નાના ગામમાંથી આવતા ધર્મેન્દ્ર હિન્દી સિનેમાને એક નવા સ્તરે લઈ ગયેલા. તેમની કારકિર્દી દરમિયાન તેમણે અનેક મોટી અને બ્લોકબસ્ટર ફિલ્મોમાં અભિનય કર્યો છે.**



બોલીવૂડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રનું અવસાન થયું છે. 89 વર્ષની ઉંમરે ધર્મેન્દ્રનું નિધનથયું છે. તેઓ લાંબા સમયતી બીમાર હતા. જોકે હિન્દી સિનેમાના ઈતિહાસમાં જે લોકપ્રિયતા ધર્મેન્દ્રએ હાંસલ કરેલી તેવી ઘણા ઓછા લોકોને મળી છે.

પંજાબના એક નાના ગામમાંથી આવતા ધર્મેન્દ્ર હિન્દી સિનેમાને એક નવા સ્તરે લઈ ગયેલા. તેમની કારકિર્દી દરમિયાન તેમણે અનેક મોટી અને બ્લોકબસ્ટર ફિલ્મોમાં અભિનય કર્યો છે. આજે અમે તમને ધર્મેન્દ્રની છ દાયકાની ફિલ્મો વિશે જણાવીશું, જેણે તેમને બૉલિવૂડનો He-Man બનવામાં મદદ કરી. 60 વર્ષથી વધુ લાંબી કારકિર્દીમાં ધર્મેન્દ્રએ શક્તિશાળી એક્શન ફિલ્મોથી લઈને હૃદયસ્પર્શી અને રોમેન્ટિક ભૂમિકાઓથી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા છે. ક્યારેક તેમણે હાસ્ય હીરોની ભૂમિકા ભજવી હતી તો ક્યારેક તેમણે લોકોને રડાવી પણ દીધા હતા. તેમની અભિનય કુશળતા એવી હતી કે જેણે પણ તેમને જોયા તે તેમની પ્રશંસા કર્યા વિના રહી શક્યું નહીં.

8 ડિસેમ્બર,1935ના રોજ જન્મેલા ધરમ સિંહ દેઓલે 1960 માં ફિલ્મ "દિલ ભી તેરા હમ ભી તેરે" થી ફિલ્મી કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમનો લુક્સ ઓનસ્ક્રીન દેખાવ અને વ્યક્તિત્વ હંમેશા તેમને માત્ર દેશ જ નહીં પરંતુ દુનિયામાં પણ પ્રિય રહ્યા છે.

જ્યારે ધર્મેન્દ્રની છબી એક રફ-ટફ હીરોની હતી ત્યારે ધરમ પાજીમાં પણ મજબૂત રોમેન્ટિક સિલસિલો હતો. ધર્મેન્દ્ર 1960 અને 70ના દાયકામાં સુપરસ્ટાર બન્યા, તેમણે મીના કુમારી, આશા પારેખ અને હેમા માલિની સહિત અનેક અગ્રણી અભિનેત્રીઓ સાથે રોમાન્સ કર્ય અને તેમની રોમેન્ટિક ફિલ્મો દ્વારા તેઓ દર્શકોના હૃદયમાં બિરાજવા લાગ્યા હતા. બંદિની, ફુલ ઔર પથ્થર અને અનુપમા જેવી ફિલ્મોએ તેમને એક અભિનેતા તરીકે એક નવી ઓળખ આપી.

આ ફિલ્મો દ્વારા તેમણે પોતાની લાગણીઓને પડદા પર કેદ કરી અને એક અલગ છબી બનાવી. વર્ષ 1966 માં આવેલી ફિલ્મ ફૂલ ઔર પથ્થરમાં તેમની ભૂમિકાએ તેમને પહેલી મોટી સફળતા અપાવી. તેમને એક મજબૂત અને સંવેદનશીલ હીરો તરીકે સ્થાપિત કર્યા.બાદમાં લોકો સંમત થયા કે ધર્મેન્દ્ર કોઈપણ ભૂમિકા માટે યોગ્ય હતા.

વર્ષ 1975માં ધર્મેન્દ્રને એક એવા સ્ટારડમ મેળવ્યું કે જેની તેઓ લાંબા સમયથી રાહ જોતા હતા. તે વર્ષે તેઓ ફિલ્મ શોલેમાં દેખાયા. શોલે સાથે ધર્મેન્દ્રનો વારસો નવી ઊંચાઈએ પહોંચ્યો. કારણ કે તેમનું વીરુનું પાત્ર બોલીવુડમાં લોકપ્રિય બન્યું હતું. જેનાથી ધર્મેન્દ્રને એક નવું નામ મળ્યું: વીરુ.ત્યારબાદ તેમણે ચુપકે ચુપકે, યાદો કી બારાત, ડ્રીમ ગર્લ અને ધરમવીર જેવી ઘણી હિટ ફિલ્મો દ્વારા દર્શકોના દિલ જીતી લીધા અને બોક્સ ઓફિસ પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું.

રોમેન્ટિક હીરો તરીકે કામ કર્યા પછી તેઓ 80 અને 90ના દાયકામાં એક્શન અને દેશભક્તિ ફિલ્મો તરફ વળ્યા. ધર્મેન્દ્રએ તેમના દીકરા સની અને બોબી દેઓલને લોન્ચ કરવામાં મદદ કરતી વખતે આ ભૂમિકા જાળવી રાખી.ક્યારેક તેઓ ફિલ્મોમાં દાદાજી બન્યા તો ક્યારેક પિતાજી બન્યા. પરિવારને જોડનારી અનેક ફિલ્મોમાં કામ કર્યું. યમલા પગલા દીવાના જેવી ફિલ્મો મારફતે તેમણે દર્શકોને ખૂબ હસાવ્યા. આ ફિલ્મોમાં તેઓ તેમના દીકરા સની અને બોબી સાથે જોવા મળ્યા હતા. ધર્મેન્દ્રએ તેમના કરિયરમાં 300 થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે,અને આ ફિલ્મો દ્વારા તેઓ હંમેશા લોકોના હૃદયમાં રહેશે. એક એવો અભિનેતા જે હંમેશા સદાબહાર રહેશે.


Project by: Classone Group
CLASS ONE
EVOQ
FEEL THE REAL LUXURY
4 BHK
LUXURIOUS FLATS
TREAT YOURSELF TO A LIFE OF Luxury
91 575 96 575
Tulsi Park, Sopan Luxuria Road, Raiya Hills, Rajkot.
classonegroupindia
PYXIS



# રમતગમત મંથન

# 7 ફેબ્રુઆરીએ ભારત અને કટ્ટર હરીફ પાકિસ્તાન

**ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત ગ્રુપ Aમાં છે અને 7 ફેબ્રુઆરીએ યુનાઇટેડ સ્ટેટ્સ સામે પોતાનું અભિયાન શરૂ કરશે. ભારત અને કટ્ટર હરીફ પાકિસ્તાન એક જ ગ્રુપમાં છે.**



મંગળવારે T20 વર્લ્ડ કપ 2026નું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું હતું. 20 ટીમોની આ વૈશ્વિક ટુર્નામેન્ટ 7 ફેબ્રુઆરીથી ભારત અને શ્રીલંકા દ્વારા યજમાનીમાં શરૂ થશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત ગ્રુપ Aમાં છે અને 7 ફેબ્રુઆરીએ યુનાઇટેડ સ્ટેટ્સ સામેની મેચથી તેના અભિયાનની શરૂઆત કરશે. ભારત અને કટ્ટર હરીફ પાકિસ્તાન એક જ ગ્રુપમાં છે.



રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ ભારતે 2024માં દક્ષિણ આફ્રિકાને હરાવીને ટ્રોફી જીતી હતી. ભારત આ ટુર્નામેન્ટમાં પોતાના ખિતાબનો બચાવ કરવાના ઇરાદા સાથે પ્રવેશ કરશે. આ ટુર્નામેન્ટની 10મી આવૃત્તિ હશે. આ ટુર્નામેન્ટમાં ક્યારેય કોઈ ટીમે પોતાનું ખિતાબ બચાવ્યું નથી, તેથી ટીમ ઈન્ડિયા પાસે ઘરઆંગણે આ રેકોર્ડ તોડવાની સુવર્ણ તક હશે.

ભારત ઉપરાંત ગ્રુપ A માં પાકિસ્તાન, યુનાઇટેડ સ્ટેટ્સ, નેધરલેન્ડ્સ અને નામિબિયાનો સમાવેશ થાય છે. ગ્રુપ Bમાં ઓસ્ટ્રેલિયા, સહ-યજમાન શ્રીલંકા, આયર્લેન્ડ, ઝિમ્બાબ્વે અને ઓમાનનો સમાવેશ થાય છે. ગ્રુપ Cમાં ઇંગ્લેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ, બાંગ્લાદેશ, નેપાળ અને ઇટાલીનો સમાવેશ થાય છે. ગ્રુપ Dમાં ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા, અફઘાનિસ્તાન, કેનેડા અને યુએઈનો સમાવેશ થાય છે. ICC પ્રમુખ જય શાહે જણાવ્યું હતું કે 2026 T20 વર્લ્ડ કપ ભારત અને શ્રીલંકાના આઠ સ્થળોએ યોજાશે. પાંચ સ્થળોએ ભારતમાં મેચોનું આયોજન કરવામાં આવશે, જ્યારે શ્રીલંકાના ત્રણ સ્થળોએ આ વૈશ્વિક ટુર્નામેન્ટ માટે મેચોનું આયોજન કરવામાં આવશે. દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા અને અમદાવાદ ભારતમાં મેચોનું આયોજન કરશે. કોલંબોમાં આર. પ્રેમદાસા અને એસ. સ્પોર્ટ્સ ક્લબ મેચોનું આયોજન કરશે, જ્યારે કેન્ડીમાં પલ્લેકેલે ઇન્ટરનેશનલ સ્ટેડિયમ પણ મેચોનું આયોજન કરશે.

## INDIA'S FIXTURES

ICC MEN'S T20 WORLD CUP 2026

| | | | |
|---|---|---|---|
| 07 FEB 2026 | v | USA | MUMBAI |
| 12 FEB 2026 | v | NAMIBIA | NEW DELHI |
| 15 FEB 2026 | v | PAKISTAN | R PREMADASA, COLOMBO |
| 18 FEB 2026 | v | NETHERLANDS | AHMEDABAD |

GROUP A




## ભારતનું ટુર્નામેન્ટ શેડ્યૂલ

ભારત 7 ફેબ્રુઆરીએ યુનાઇટેડ સ્ટેટ્સ સામે તેના ટુર્નામેન્ટ અભિયાનની શરૂઆત કરશે. આ મેચ મુંબઈમાં રમાશે. ત્યારબાદ 12 ફેબ્રુઆરીએ નવી દિલ્હીમાં ભારત અને નામિબિયા એકબીજા સામે ટકરાશે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની ટુર્નામેન્ટની ફાઇનલ મેચ 15 ફેબ્રુઆરીએ કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાશે. ICC, BCCI અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) વચ્ચેના કરાર હેઠળ, ભારત અને પાકિસ્તાન વચ્ચેની બધી મેચ 2027 સુધી તટસ્થ સ્થળોએ રમાશે. આ જ કારણ છે કે કોલંબો બંને ટીમો વચ્ચેની મેચનું આયોજન કરશે. ભારત 18 ફેબ્રુઆરીએ અમદાવાદમાં તેની છેલ્લી ગ્રુપ સ્ટેજ મેચ રમશે.

# સાયલામાં SOGની મેગા રેડ, કપાસની આડમાં પોણા 3 કરોડનું ગાંજાનું વાવેતર ઝડપાયું

## 559 કિલો વજનના 180 છોડ જપ્ત, મુદ્દામાલ લેવા કોથળા ખૂટી પડ્યા



સુરેન્દ્રનગર જિલ્લામાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ની ટીમે નશીલા પદાર્થોની હેરાફેરી સામે અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી કરી છે. SOGની ટીમે સાયલાના ખીટલા ગામમાં દરોડા પાડીને કપાસના વાવેતરની આડમાં કરવામાં આવેલું ગાંજાનું ગેરકાયદેસર વાવેતર ઝડપી પાડ્યું છે. જપ્ત કરાયેલા ગાંજાના છોડની કિંમત પોણા ત્રણ કરોડ આંકવામાં આવી છે.

SOGની ટીમે આ ઓપરેશનને અંજામ આપવા માટે સતત 19 કલાક સુધી રેડની કાર્યવાહી કરી હતી. ખેતરમાં ગાંજાના છોડ 12 ફૂટ જેટલા ઊંચા હોવાથી તેને ઉખેડવા માટે એક ડઝન ગ્રામ રક્ષક દળ જવાનોની મદદ લેવામાં આવી હતી, જેઓ ગ્રામ્ય વિસ્તારના હોવાથી ખેતીકામથી માહિતગાર હતા. ગાંજાના છોડ એટલા મોટા હતા કે મુદ્દામાલ કબજે કરવા માટે પોલીસ પાસે કોથળા પણ ખૂટી પડ્યા હતા. 12 ફૂટ લાંબા છોડ માટે સિલીંગ પેકિંગ કરવા માટે 15x20ના પ્લાસ્ટિકના કંતાનનો ઉપયોગ કરવો પડ્યો હતો.

જપ્ત કરાયેલો તમામ જથ્થો એક આખું ટ્રેક્ટર ભરીને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો.આ કાર્યવાહીમાં પોલીસે 180 છોડ સાથે એક આરોપીની ધરપકડ કરી છે અને તેની વિરુદ્ધ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ટ્રાફિક નિયમોની ઐસીતૈસી કરનારા વાહનચાલકો સામે DGP ઓફિસમાંથી લાલ આંખ; રાજકોટના 300 વાહનોનું લિસ્ટ જાહેર





**પોલીસના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા મુજબ, લાંબા સમયથી દંડ ન ભરતા પેધી ગયેલા વાહનચાલકો સામે કડક કાર્યવાહી અનિવાર્ય બની ગઈ હતી, જેઓ ટ્રાફિક મેમોનો વારંવાર ઉલાળ્યો કરતા હતા.**

રાજ્યમાં ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બાદ દંડ ભરવામાં નિષ્ફળ રહેતા વાહનચાલકો સામે ગુજરાત પોલીસે હવે કાયદાનો દંડો ઉગામ્યો છે. રાજ્યના પોલીસ વડાની સૂચનાના આધારે, 50 કે તેથી વધુ ટ્રાફિક મેમો બાકી હોય તેવા વાહનોની જપ્તીની મેગા ઝુંબેશ ગુજરાતભરમાં શરૂ કરી દેવામાં આવી છે. આ કાર્યવાહીથી વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

રાજ્ય પોલીસ વડા (DGP)ની કચેરી દ્વારા તમામ જિલ્લા પોલીસ વડાઓ (SPs) અને પોલીસ કમિશ્નરો (CPs)ને સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યો છે કે, જે વાહનો સામે ટ્રાફિક નિયમોના ભંગ બદલ 50 કે તેથી વધુ ઈ-મેમો જનરેટ થયા છે, પરંતુ તેનો દંડ ભરવામાં આવ્યો નથી, તેવા વાહનોને તાત્કાલિક જપ્ત કરી લેવામાં આવે.

પોલીસના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા મુજબ, લાંબા સમયથી દંડ ન ભરતા પેધી ગયેલા વાહનચાલકો સામે કડક કાર્યવાહી અનિવાર્ય બની ગઈ હતી, જેઓ ટ્રાફિક મેમોનો વારંવાર ઉલાળ્યો કરતા હતા. ડી.જી. ઓફિસમાંથી દરેક જિલ્લાના આર.ટી.ઓ. પાર્સિંગ સાથેના વાહનોની યાદી સંબંધિત પોલીસ કચેરીઓને મોકલી આપવામાં આવી છે. રાજકોટ શહેર પોલીસને તેના આર.ટી.ઓ. પાર્સિંગ (GJ-3) ધરાવતા 300 જેટલા વાહનોનું લિસ્ટ મળ્યું છે, જેના 50થી વધુ મેમો બાકી છે.

લિસ્ટ મળ્યા બાદ ટ્રાફિક પોલીસે આવા વાહનોને શહેરના માર્ગો પર શોધી કાઢવા માટે સઘન કવાયત શરૂ કરી છે. પોલીસ ટીમોએ ગઈકાલથી જ ચેકિંગ દરમિયાન આ લિસ્ટના વાહનોને જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી દીધી છે.

પોલીસ વિભાગે ચેતવણી આપી છે કે આ ઝુંબેશ દરમિયાન 50થી વધુ મેમા બાકી હોય તેવા વાહનોને ટ્રાફિક ઝુંબેશ દરમિયાન પકડીને સીધા જ જપ્ત કરી લેવામાં આવશે. આ જપ્તીના કારણે આગામી દિવસોમાં પોલીસ હેડ ક્વાર્ટર ખાતે જપ્ત થયેલા વાહનોના મોટા થપ્પા લાગવાની પૂરી શક્યતા છે. પોલીસે વાહનચાલકોને કાયદાનું પાલન કરવા અને ટ્રાફિક નિયમોનો ભંગ ન કરવા માટે ફરી એકવાર અપીલ કરી છે. વધુમાં, જે વાહનચાલકોના મેમો બાકી છે, તેમને તાકીદ કરવામાં આવી છે કે તેઓ પોલીસની જપ્તીની કાર્યવાહીથી બચવા માટે દંડની રકમ વહેલી તકે ભરી દે અને કાયદાનું પાલન કરે.

Sample Flat Ready
Balcony in Every Room

Sunflower HEIGHTS

3 BHK LAVISH FLATS

1275 SQ. FT.
100% Loanable Title Clear

@150 Feet Ring Road,
After Madhapar Chowkdi,
Before ADB Hotel,
80 Feet Astha Sangrila Road, Rajkot.

Call@ 7844 00 4444







SHOPS | OFFICES | SHOWROOMS

MERRYGOLD SQUARE

173 TO 1170 SQ.FT.

BOOKING CONTACT
72111 85999
150 Feet Ring Road, Nr. Madhapar Circle BRTS, Rajkot.
RERA NO.: PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/CAA13733/250624/311227

PYXIS

# આ ધ્વજ સદીઓ જૂના સ્વપ્નના સાકારનું પ્રતીક... રામ મંદિરમાં ધર્મ ધ્વજ ફરકાવ્યા પછી પીએમ મોદીનું સંબોધન

**પીએમ નરેન્દ્ર મોદીએ સભાને સંબોધતા કહ્યું કે આજે અયોધ્યા શહેર ભારતના સાંસ્કૃતિક જાગૃતિના વધુ એક ક્ષણનું સાક્ષી બની રહ્યું છે. આજે આખું ભારત, આખું વિશ્વ, રામની ભાવનાથી ભરેલું છે.**



અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરના શિખર પર ધર્મ ધ્વજ લહેરાયો હતો. મંત્રોચ્ચાર સાથે પીએમ મોદીએ ધ્વજારોહણ કર્યું હતું. આ પ્રસંગે RSS વડા મોહન ભાગવત પણ હાજર હતા. ધ્વજારોહણ બાદ પીએમ મોદીએ જનસભાને સંબોધન કર્યું હતું. ધ્વજારોહણ પહેલા 1 કિમી લાંબો રોડ શો કર્યો હતો અને રામ મંદિરમાં દર્શન કરી પૂજા અર્ચના કરી હતી.

પીએમ નરેન્દ્ર મોદીએ સભાને સંબોધતા કહ્યું કે આજે અયોધ્યા શહેર ભારતના સાંસ્કૃતિક જાગૃતિના વધુ એક ક્ષણનું સાક્ષી બની રહ્યું છે. આજે આખું ભારત, આખું વિશ્વ, રામની ભાવનાથી ભરેલું છે. આજે રામના ભક્તોના હૃદયમાં અનંત આનંદ છે. સદીઓના ઘા રૂઝાઈ રહ્યા છે. સદીઓના સંકલ્પ પૂર્ણ થઈ રહ્યા છે. આજે એક એવા યજ્ઞનું અંતિમ અર્પણ છે જેની આગ પાંચસો વર્ષથી સળગી રહી હતી. ભગવાન રામના ગર્ભગૃહની અનંત ઉર્જા સ્થાપિત થઈ છે. આ ધર્મધ્વજ ઇતિહાસના સુંદર જાગૃતિનો રંગ છે. તેનો ભગવો રંગ, સૂર્યવંશનો વારસો, રામરાજ્યનો મહિમા ધરાવે છે. આ ધ્વજ એક સંકલ્પ છે, તે સિદ્ધિ તરફ દોરી જતી સંકલ્પની ભાષા છે. તે સદીઓના સંઘર્ષની પરાકાષ્ઠા છે, સદીઓ જૂના સ્વપ્નનું મૂર્ત સ્વરૂપ છે, રામના આદર્શો છે. તે સંતોની ભક્તિ અને સમાજની ભાગીદારીની ગાથા છે. આ ધર્મધ્વજ ભગવાન રામના આદર્શોનો પ્રચાર કરશે, તે સત્યમેવ જયતેનો પ્રચાર કરશે.



## રામ મંદિરના શિખર પર ધર્મ ધ્વજ લહેરાયો, મંત્રોચ્ચાર સાથે પીએમ મોદીના હસ્તે ધ્વજારોહણ

**અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરના શિખર પર ધર્મ ધ્વજ લહેરાયો હતો. મંત્રોચ્ચાર સાથે પીએમ મોદીએ ધ્વજારોહણ કર્યું હતું. આ પ્રસંગે RSS વડા મોહન ભાગવત પણ PM મોદી સાથે હાજર હતા.**

અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરના શિખર પર ધર્મ ધ્વજ લહેરાયો હતો. મંત્રોચ્ચાર સાથે પીએમ મોદીએ ધ્વજારોહણ કર્યું હતું. આ પ્રસંગે RSS વડા મોહન ભાગવત પણ PM મોદી સાથે હાજર હતા. આ ધ્વજવંદન મંદિરના નિર્માણ પૂર્ણ થવાનું અને એક મુખ્ય સાંસ્કૃતિક ઉજવણીનું પ્રતીક માનવામાં આવે છે. ધ્વજારોહણ બાદ પીએમ મોદીએ જનસભાને સંબોધન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી રામ મંદિરના શિખર પર ધ્વજારોહણના કાર્યક્રમમાં ભાગ લેવા માટે દિલ્હીથી મહર્ષિ વાલ્મીકિ એરપોર્ટ થઈને અયોધ્યા પહોંચ્યા હતા. એરપોર્ટ પર તેમનું સ્વાગત મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને રાજ્યપાલ આનંદીબેન પટેલે બુકે આપીને કર્યું હતું. ત્યારબાદ પીએમ મોદીએ સાકેત કોલેજથી રામ જન્મભૂમિ સુધી એક કિલોમીટર લાંબો રોડ શો યોજ્યો હતો. રોડ શો દરમિયાન ભારે સંખ્યામાં શ્રદ્ધાળુઓએ તેમનું સ્વાગત કર્યું. રોડ શો દરમિયાન શ્રદ્ધાળુઓએ 'જય શ્રી રામ'ના નારા સાથે વડાપ્રધાનનું સ્વાગત કર્યું હતું.વડાપ્રધાનના રોડ શોના સ્વાગત માટે જુદી જુદી જગ્યાએ સાંસ્કૃતિક મંચો બનાવવામાં આવ્યા હતા. આ મંચો પર કલાકારો દ્વારા લોક નૃત્યનું પ્રસ્તુતિકરણ થઈ રહ્યું છે. આ સાંસ્કૃતિક મંચો પર લોક કલાકારોએ તેમના ગાયન અને નૃત્યથી વડાપ્રધાનનું સ્વાગત કર્યું હતુંરોડ શો પૂર્ણ થયા બાદ વડાપ્રધાન રામ મંદિર પહોંચ્યા અને પૂજા-અર્ચના કરી હતી. રામ મંદિરમાં પ્રાર્થના કર્યા પછી પીએમ મોદી રામ મંદિર પહોંચ્યા અને ગર્ભગૃહ તેમજ મંદિરના પહેલા માળે રામ દરબારમાં પ્રાર્થના કરી. પીએમ મોદીએ પહેલા શેષાવતાર મંદિરની મુલાકાત લીધી, પ્રાર્થના કરી અને ધાર્મિક વિધિઓ કરી. આ કાર્યક્રમ માટે સમગ્ર અયોધ્યામાં ભવ્ય અને શ્રદ્ધાળુ વાતાવરણ છવાઈ ગયું.વડાપ્રધાન નરેન્દ્ર મોદી લગભગ 22 મહિના પછી ફરી એકવાર રામલલા સમક્ષ હાજર થયા છે. તેમણે 5 ઓગસ્ટ 2020ના રોજ મંદિરના નિર્માણ માટે શિલાન્યાસ કરીને શરૂઆત કરી હતી અને ત્યારબાદ 22 જાન્યુઆરી, 2024 ના રોજ પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી.






# થાઈલેન્ડમા વરસાદે 300 વર્ષનો રેકોર્ડ તોડ્યો, ભયકર પૂરની સ્થિતિ, 13 લોકોના મોત

થાઈલેન્ડમાં વરસાદે 300 વર્ષનો રેકોર્ડ તોડ્યો છે. સમાચાર એજન્સી રોઇટર્સના જણાવ્યા અનુસાર દક્ષિણ થાઈલેન્ડમાં ભારે પૂરની પરિસ્થિતિને કારણે ઓછામાં ઓછા 13 લોકોના મોત થયા છે. અધિકારીઓએ જણાવ્યું કે આ પૂરના કારણે અંદાજે 21 લોકો પ્રભાવિત થયા છે, જ્યારે 13000 લોકોને ઇમરજન્સી આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા છે, પરંતુ ઘણા લોકો હજી પણ ફસાયેલા છે. દસ રાજ્યોમાં ભારે વરસાદના કારણે બચાવ માર્ગો અવરોધાઈ ગયા છે, જેના કારણે બચાવ અને રાહત કાર્યમાં મુશ્કેલી પડી રહી છે અને ઘણા વિસ્તારોનો સંપર્ક કપાઈ ગયો છે. આ પૂરને 300 વર્ષોમાં સૌથી ભયંકર પૂર પૈકીનું એક ગણવામાં આવે છે. ગવર્નરે પ્રભાવિત વિસ્તારના લોકોને 100 ટકા વિસ્તાર છોડી દેવા વિનંતી કરી છે, કારણ કે જો પૂર ઊંચું જશે તો ખોરાક અને સંભાળ પૂરી પાડવામાં મુશ્કેલી પડશે.

થાઈ સરકારે સશસ્ત્ર દળોને રાહત કાર્યની જવાબદારી સોંપી છે. થાઈલેન્ડની સેનાએ દવાઓ, ખોરાક અને પીવાના પાણી સાથેનું C-130 પરિવહન વિમાન તૈનાત કર્યું છે. આ વાહક જહાજ પર બે હેલિકોપ્ટર, ડોકટરો અને ફીલ્ડ કિચન હશે જે દરરોજ 3000 લોકોનું ભોજન તૈયાર કરવા સક્ષમ છે. સૈન્યએ વધુમાં જણાવ્યું હતું કે આ વાહક જહાજ ફ્લોટિંગ હોસ્પિટલ તરીકે પણ કાર્ય કરી શકે છે.

મલેશિયામાં પણ ભારે વરસાદને પગલે 8 રાજ્યો જળબંબાકારની સ્થિતિમાં છે. મલેશિયામાં 126 રાહત કેન્દ્રોમાં 19000 થી વધુ રહેવાસીઓને સુરક્ષિત સ્થાનો પર ખસેડવામાં આવ્યા છે, જેમાંથી મોટાભાગના થાઈલેન્ડની સરહદ નજીક છે.









થાઈલેન્ડમાં વરસાદે 300 વર્ષનો રેકોર્ડ તોડ્યો છે. સમાચાર એજન્સી રોઇટર્સના જણાવ્યા અનુસાર દક્ષિણ થાઈલેન્ડમાં ભારે પૂરની પરિસ્થિતિને કારણે ઓછામાં ઓછા 13 લોકોના મોત થયા છે.




# ઈથોપિયામાં 10 હજાર વર્ષ બાદ ફાટ્યો જ્વાળામુખી, આકાશમાં છવાયેલી રાખ ભારત તરફ આગળ વધ્યા, અનેક ઉડ્ડાનો રદ કરાઈ

ઈથોપિયામાં લગભગ 10,000 વર્ષ પછી જ્વાળામુખી ફાટ્યો છે. વિસ્ફોટ પછી આકાશમાં રાખના વાદળો(ash cloud) દેખાયા છે. વૈજ્ઞાનિકોએ આ ઘટનાને ઇતિહાસની સૌથી અસાધારણ ઘટનાઓમાંની એક ગણાવી છે.


ઇથોપિયાના જ્વાળામુખીમાંથી રાખની વિશાળ પરત ઉત્તરી અરબી સમુદ્રમાં ફેલાતા ઘણી એરલાઇન્સે તેમની ફ્લાઇટ્સ રદ કરી છે. જ્વાળામુખીની ગતિવિધિથી રાખની વિશાળ પરત બહાર આવતા એરલાઇન્સને ઓપરેશનલ મેન્યુઅલની સમીક્ષા કરવા, ફ્લાઇટ પ્લાનિંગ અને રૂટ્સને સમાયોજિત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

અહેવાલો અનુસાર ઇથોપિયામાં જ્વાળામુખી સક્રિય થવાને લીધે જંગી પ્રમાણમાં રાખ નિકળી આવવાને કારણે સંભવિત અવરોધોને ધ્યાનમાં રાખીને ઘણી ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. ભારતીય એરલાઇન્સ અને એરપોર્ટ્સને પણ એક સલાહકાર જારી કરવામાં આવી છે. રાખની પરત પૂર્વ તરફ આગળ વધી રહી છે અને સોમવારે મોડી રાત સુધીમાં ભારતના મુખ્ય વિસ્તારોમાં પહોંચવાની ધારણા છે. પ્રારંભિક અહેવાલો અનુસાર જ્વાળામુખીની રાખને કારણે કેટલીક ફ્લાઇટ્સ રદ કરનારી એરલાઇન્સમાં અકાસા એર, ઇન્ડિગો અને કેએલએમનો સમાવેશ થાય છે. હજારો વર્ષોમાં જ્વાળામુખીના પ્રથમ વિસ્ફોટને કારણે જ્વાળામુખીની રાખનો પ્લમ લાલ સમુદ્ર પાર કરીને યમન અને ઓમાન તરફ આગળ વધી રહ્યો છે. વાદળ હવે ઉત્તર અરબી સમુદ્રમાં ફેલાઈ ગયું છે.

સત્તાવાર આદેશ મુજબ નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) એ એરલાઇન્સને રાખથી પ્રભાવિત વિસ્તારોને સંપૂર્ણપણે ટાળવાનો નિર્દેશ આપ્યો છે, જેમાં ફ્લાઇટ પ્લાનિંગ, રૂટ અને ઇંધણ સંબંધિત તમામ મહત્વપૂર્ણ બાબતોને ધ્યાનમાં લેવામાં આવશે.

DGCA એ જણાવ્યું હતું કે જો જ્વાળામુખીની રાખ એરપોર્ટ કામગીરીને અસર કરે છે તો સંબંધિત ઓપરેટરે તાત્કાલિક રનવે અને ટેક્સીવેનું નિરીક્ષણ કરવું જોઈએ.

**રાખની પરત પૂર્વ તરફ આગળ વધી રહ્યા છે અને સોમવારે મોડી રાત સુધીમાં ભારતના મુખ્ય વિસ્તારોમાં પહોંચવાની ધારણા છે.**









# પૂર્વ ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના સાળાનો આપઘાત, એક વર્ષ અગાઉ પૂર્વ મંગેતરે નોંધાવી હતી દુષ્કર્મની ફરિયાદ

**મૃતક જીતની પૂર્વ મંગેતરે ફરિયાદમાં ગંભીર આક્ષેપો કર્યા હતા. જેમાં જણાવાયું હતું કે લગ્નની લાલચ આપીને જીત પાબારી દ્વારા બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધવામાં આવ્યા હતા.**

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ સ્ટાર ખેલાડી ચેતેશ્વર પૂજારાના સાળા જીત રસિકભાઈ પાબારીએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં રાજકોટના પાબારી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતક જીત પાબારી વિરુદ્ધ ગત 26 નવેમ્બર 2024ના રોજ માલવિયા નગર પોલીસ સ્ટેશન ખાતે તેમની પૂર્વ મંગેતર દ્વારા દુષ્કર્મની ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

મૃતક જીતની પૂર્વ મંગેતરે ફરિયાદમાં ગંભીર આક્ષેપો કર્યા હતા. જેમાં જણાવાયું હતું કે લગ્નની લાલચ આપીને જીત પાબારી દ્વારા બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધવામાં આવ્યા હતા. સગાઈ કર્યા બાદ આ કૃત્ય આચરવામાં આવ્યું હતું અને ત્યારબાદ સગાઈ તોડી નાખવામાં આવી હતી. ચેતેશ્વર પૂજારાના સાસરિયાઓ મૂળ જામજોધપુરના છે, પરંતુ છેલ્લા વીસેક વર્ષથી રાજકોટમાં જ રહે છે. તેના સસરા





કોટનની જિનિંગ ફેક્ટરીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. પૂજારાની પત્ની પૂજા ઉપરાંત પરિવારમાં એક નાનો ભાઈ મૃતક જીત પાબારી અને એક નાની બહેન છે.

પૂજા પાબારીનો જન્મ ગોંડલમાં થયો હતો અને તેમણે દસમા ધોરણ સુધી આબુની સોફિયા સ્કૂલમાંથી અભ્યાસ કર્યા બાદ ઉચ્ચ અભ્યાસ અમદાવાદ અને માસ્ટર ડિગ્રી બોમ્બેથી મેળવી હતી. મલ્ટિનેશનલ કંપનીમાં એક વર્ષ નોકરી કર્યા બાદ તેમના ચેતેશ્વર પૂજારા સાથે લગ્ન થયા હતા.

# ગુજરાતમાં બર્થ સર્ટિફિકેટને લઈને નવા નિયમો લાગુ, જન્મના દાખલામાં હવે માતાનું નામ અને અટક લખી શકાશે

**બાળકની કસ્ટડી માતા પાસે હોય, તો બાળકના જન્મ પ્રમાણપત્રમાં તેના નામની પાછળ માતાનું નામ અને માતાની અટક રાખી શકાશે**




આધારકાર્ડ અને જન્મના દાખલામાં નામમાં વિસંગતતાના કારણે ઘણાં લોકોને સમસ્યાનો સામનો કરવો પડતો હતો. જો કે રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા જન્મ અને મરણના દાખલામાં નામ સુધારા અંગેની મુશ્કેલીઓ દૂર કરતો એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્ય રજિસ્ટ્રાર (જન્મ-મરણ) દ્વારા આ બાબતે મહત્વપૂર્ણ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે, જે તાત્કાલિક અસરથી લાગુ થશે.

માતાનું નામ અને અટક: જો કોર્ટના આદેશ મુજબ બાળકની કસ્ટડી માતા પાસે હોય, તો બાળકના જન્મ પ્રમાણપત્રમાં તેના નામની પાછળ માતાનું નામ અને માતાની અટક રાખી શકાશે. (દા.ત.: બાળકનું નામ, માતાનું નામ, માતાની અટક).

જો માતા-પિતા બંને સાથે રહેતા હોય, તેમ છતાં પણ તેઓ ઈચ્છે તો બાળકના નામ પાછળ પિતાને બદલે માતાનું નામ અને માતાની અટક રાખી શકશે.

ખાસ બાબત એ છે કે, જન્મના દાખલામાં બાયોલૉજિકલપિતાનું નામ દૂર કરી શકાશે નહીં. જેમાં 'પિતાના નામ'ની કોલમમાં ફરજિયાતપણે પિતાનું નામ જ લખવાનું રહેશે.આ સિવાય અત્યાર સુધી પહેલા નામ રાખવી કે અટક, જેને લઈને ખાસ કરીને વાલીઓને સૌથી વધારે મુંઝવણ થતી હતી.

જો કે નવી એડવાઈઝરીમાં નામમાં મિડલ નેમ (પિતાનું નામ), અટક અને નામના ક્રમ બદલવા અંગે પણ નિયમો સરળ બનાવાયા છે: પિતાનું નામ/અટક વૈકલ્પિક: અરજદાર હવે બાળકના નામ પાછળ મિડલ નેમ (પિતાનું નામ) અને લાસ્ટ નેમ (અટક) લખાવવાનું ટાળી શકે છે. આ બંને વિગતો હવે વૈકલ્પિક (Optional) ગણાશે. એટલે કે, દાખલામાં માત્ર 'બાળકનું નામ' જ રાખવું માન્ય રહેશે.

નામનો ક્રમ બદલવો: બાળકના નામમાં પ્રથમ અટક, વચ્ચે બાળકનું નામ અને છેલ્લે પિતાનું નામ (દા.ત.: અટક, બાળકનું નામ, પિતાનું નામ) રાખવાનો ક્રમ પણ હવેથી માન્ય ગણાશે.

અલગ અટક: પિતા અને પુત્રની અટક અલગ રાખવા માટે પણ સરકારી ગેઝેટ અને અન્ય પુરાવાને આધારે સુધારો કરી શકાશે.

જન્મના દાખલામાં બીજી વાર પણ સુધારા થઈ શકશે

અગાઉ 2007ના નિયમ પ્રમાણે, જન્મ-મરણની નોંધમાં રજિસ્ટ્રાર દ્વારા માત્ર એક જ વાર સુધારો કરી શકાતો હતો. જો કે નવા પરિપત્ર પ્રમાણે સંજોગો અને નિયમો બદલાય ત્યારે યોગ્ય આધાર-પુરાવા રજૂ કરીને હવે ફરીવાર પણ જરૂરી સુધારા કરી શકાશે.

આવી જ રીતે મરણનો દાખલો મેળવવામાં પણ અગત્યનો સુધારો કરવામાં આવ્યો છે. જેમાં મૃતકના નામ પાછળ પિતા કે પતિનું નામ અને અટક લખાવવું પણ હવેથી વૈકલ્પિક ગણાશે. રાજ્યના તમામ જિલ્લા રજિસ્ટ્રાર, મહાનગરપાલિકા અને નગરપાલિકાના અધિકારીઓને આ એડવાઈઝરીનો તાત્કાલિક અમલ કરવા સૂચના આપી દેવામાં આવી છે.



# નેપાળમાં ફરી ભડક્યું Gen Z આંદોલન, રક્સૌલ સીમા નજીક કર્ફ્યુ લાગુ, એરપોર્ટ બંધ

**નેપાળમાં Gen-Z આંદોલન ફરી એકવાર ઉગ્ર બન્યું છે. સેમરા એરપોર્ટની બહાર જોરદાર વિરોધ પ્રદર્શન જોવા મળ્યું હતું. સેમરાની તમામ ફ્લાઈટ્સ પણ રદ કરવામાં આવી હતી.**

નેપાળમાં Gen-Z આંદોલન ફરી એકવાર ઉગ્ર બન્યું છે. આ આંદોલનનું કેન્દ્ર બિહારની રક્સૌલ સીમાને અડીને આવેલા બારા જિલ્લામાં છે, જ્યાં રવિવારે સેમરા એરપોર્ટની બહાર જોરદાર વિરોધ પ્રદર્શન જોવા મળ્યું હતું. પરિસ્થિતિ તણાવપૂર્ણ બનતાં સ્થાનિક પ્રશાસને એરપોર્ટ અને તેની આસપાસના વિસ્તારોમાં કર્ફ્યુ લાગુ કરી દીધો છે. ટોળાને જોતા સેમરાની તમામ ફ્લાઇટ્સ પણ રદ કરવામાં આવી હતી.

સૂત્રો અનુસાર યુએમએલ નેતાઓ શંકર પૌડેલ અને મહેશ બસ્નેત રવિવારે એક રાજકીય કાર્યક્રમમાં ભાગ લેવા માટે બારા જિલ્લામાં આવવાના હતા. તેમની જાહેરાત થતાની સાથે જ Gen-Z સમર્થકો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા અને સેમરા એરપોર્ટનો ઘેરાવ શરૂ કરી દીધો હતો. આંદોલનકારીઓનો ગુસ્સો મુખ્યત્વે મહેશ બસ્નેત સામે છે, જેના પર આરોપ છે કે તેમણે અગાઉના Gen Z આંદોલન દરમિયાન પૂર્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલીનું સમર્થન કર્યું હતું. જોતજોતામાં ભીડ વધી ગઈ અને પરિસ્થિતિ બેકાબૂ થવા લાગી, જેના કારણે એરપોર્ટ પર સુરક્ષા વધારવી પડી.

ઝડપથી બગડતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા મેજિસ્ટ્રેટ (DM) ધર્મેન્દ્ર કુમાર મિશ્રાએ તાત્કાલિક ધોરણે કર્ફ્યુનો આદેશ જાહેર કર્યો. ડીએમ મિશ્રાએ સ્પષ્ટ કર્યું કે વધતા વિરોધ અને જન-ઉપદ્રવની આશંકાના કારણે આ પગલું ભરવું અનિવાર્ય હતું. હાલમાં પ્રશાસન પરિસ્થિતિ પર પૂરી નજર રાખી રહ્યું છે અને કર્ફ્યુ દરમિયાન કોઈપણ પ્રકારની સામૂહિક પ્રવૃત્તિ પર પ્રતિબંધ લાગુ રહેશે. જો પરિસ્થિતિમાં સુધારો નહીં થાય તો કર્ફ્યુ લંબાવવામાં પણ આવી શકે છે. Gen-Z આંદોલન છેલ્લા ઘણા મહિનાઓથી નેપાળમાં રાજકીય અસ્થિરતાનું મુખ્ય કારણ રહ્યું છે. આ આંદોલન યુવાનોની રાજકીય પારદર્શિતા, રોજગાર અને શાસન સુધારણા સંબંધિત માંગણીઓને લઈને ચાલી રહ્યું છે. જોકે, UML નેતા મહેશ બસ્નેત દ્વારા જૂના આંદોલન સમયે સત્તા પક્ષનો સાથ આપવાથી યુવાનોમાં વિશેષ નારાજગી જોવા મળી રહી છે.



